# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-11-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## બિહાર વિધાનસભા ચૂંટણી

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટેનો પ્રચાર ગઇકાલે સાંજે સમાપ્ત થઈ ગયો. પ્રથમ તબક્કામાં, 18 જિલ્લાઓની 121 વિધાનસભા બેઠકો પર 6 નવેમ્બરે મતદાન યોજાશે. પ્રથમ તબક્કા દરમિયાન કુલ એક હજાર 314 ઉમેદવારોનું રાજકીય ભાવિ ત્રણ કરોડ 75 લાખથી વધુ મતદાતાઓ દ્વારા નક્કી કરાશે.

**------------------------------------------------------------------------------------------**

## SIR : દેશ

ભારતીય ચૂંટણી પંચ દ્વારા ગઇકાલથી વિશેષ સઘન સુધારણા-**SIR** કવાયતનો બીજો તબક્કો શરૂ કરવામાં આવ્યો છે. આ કવાયત નવ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લે છે જ્યાં કુલ મતદારોની સંખ્યા લગભગ 51 કરોડ છે. મતદાર યાદી સુધારણા 7 ફેબ્રુઆરી, 2026 ના રોજ અંતિમ મતદાર યાદીના પ્રકાશન સાથે સમાપ્ત થશે.

**------------------------------------------------------------------------------------------**

## SIR : કચ્છ

કેન્દ્રીય ચૂંટણીપંચે 12 રાજ્યમાં ખાસ મતદારયાદી સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે સરનાં ટૂંકાં નામે ઓળખાતી આ સ્પેશિયલ ઈન્ટેસિવ રિવિઝન કામગીરી કચ્છમાં પણ ગઇકાલથી શરુ થઇ છે. જીલ્લાના કુલ 6 વિધાનસભા મત વિસ્તારો માટે કુલ ૧૮૪૮ મતદાન મથકોના બી.એલ.ઓ આગામી તારીખ ૪ ડીસેમ્બર સુધી હાઉસ ટુ હાઉસ

મુલાકાત કરીને કુલ ૧૬,૯૦,૫૮૪ મતદારો પાસે ગણતરી ફોર્મ આપવાનું શરુ કર્યું છે. મતદાર રજીસ્ટ્રેશન સંબધિત કોઈ પણ માહિતી/માર્ગદર્શન માટે ૧૯૫૦ હેલ્પલાઈન અથવા બી.એલ.ઓનો સંપર્ક કરવા જણાવાયુ છે. જિલ્લાના નાગરીકોને મતદારયાદી સુધારણા કાર્યક્રમ દરમ્યાન ગણતરીફોર્મ ભરવા માટે બુથ લેવલ ઓફિસરોને સહયોગ કરવા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર, કચ્છ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------------------

## વ્યાજબી ભાવ દુકાનદારો હડતાળ પૂર્ણ

ગુજરાતના વ્યાજબી ભાવના દુકાનદારોની પડતર માંગણીઓ અંગે ગઇકાલે રાજ્ય સરકાર સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાજ્યના પુરવઠા કેબિનેટ મંત્રી અને રાજ્યકક્ષાના મંત્રી બંનેએ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે સકારાત્મક વાતચીત કરી હતી. સસ્તા અનાજના દુકાનદારોની હડતાળ આખરે સમેટાઈ ગયાના અહેવાલ છે.

બેઠક દરમિયાન, સસ્તા અનાજના દુકાનદારોના કમિશનમાં વધારો કરવા અંગેનો પ્રસ્તાવ આગામી 15 દિવસમાં રજૂ કરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવતાં એસોસિએશને પોતાની હડતાળ પાછી ખેંચી લીધી છે. દુકાનદારોના 1 કિલોએ રૂપિયા 1.50 કમિશન વધારીને 3 રૂપિયા કરાશે.

---------------------------------------------------------------------------------------

## પ્રકાશપર્વ

શીખ સંપ્રદાયના સંસ્થાપક ગુરુ નાનક દેવજીના 556 મા પ્રકાશપર્વની આજે જિલ્લાભરમાં શીખ સંપ્રદાય દ્વારા શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી થઈ રહી છે. ભુજ માં લાલ ટેકરી ખાતે ગુરુદ્વારામાં આજે સવારથી શબદ કિર્તન, ભોગ, અખંડ પાઠ વિગેરેથી વાતાવરણ ગાજતું રહેશે. ગાંધીધામ ખાતે ગુરુદ્વારામાં શબદ કિર્તન સહિતના કાર્યક્રમો યોજાશે. છેલ્લા ત્રણ દિવસથી યોજાતા વિવિધ કાર્યક્રમોનું આજે સમાપન થશે. પશ્ચિમ છેવાડે લખપતના શીખ ગુરુદ્વારા ખાતે પણ આ પર્વ ઉજવાઈ રહ્યું છે.

---

## કાર્તિકી પૂર્ણિમા

આજે કાર્તિકી પૂર્ણિમાનું પર્વ ઉજવાઈ રહ્યું છે દેવપ્રબોધીની એકાદશીથી ઊજવાતા દેવદિવાળી પર્વનું આજે સમાપન થશે. આજે ઘણા સ્થળે તુલસીવિવાહ મહોત્સવ ઉજવાશે. ભગવાન શંકરે ત્રિપુરાસુર નામના અસુરનો સંહાર કર્યો હતો.. તેથી આજની પૂનમ ત્રિપુરારી પૂનમ તરીકે પણ ઉજવાય છે.

---

## હવામાન

કચ્છમાં કારતકમાં આષાઢી માહોલ સર્જતાં માવઠાંએ વિરામ લીધો છે. જેથી ખેડૂતોને થોડી રાહત થઈ છે, તો વાદળોનું આવરણ હટતા વાતાવરણમાં વિષમતા વધી છે.

ગઇકાલે ભુજમાં મહત્તમ પારો ઊંચકાઈને ૩૩.૪ ડિગ્રીએ પહોંચતાં રાજ્યમાં સૌથી વધુ ગરમી જિલ્લા મથકે અનુભવાઈ હતી, તો ૨૦.૧ ડિગ્રી સાથે અંજાર-ગાંધીધામ રાજ્યના મોખરાના ઠંડા મથક બન્યા હતા.

---

## અંજારનું ભીમાસર – ODF +

કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં સ્થિત ગુજરાતના સ્માર્ટ અને વિકાસશીલ ગામ ભીમાસરમાં વસવાટ કરતાં નાગરિકોના દ્રઢ મનોબળ અને વિવિધ સરકારી યોજનાઓની મદદથી તાજેતરમાં 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ ભીમાસર ગામને ઓપન ડિફિકેશન્સ ફ્રી પ્લસ (**ODF +)** મોડેલ ગામનો દરજ્જો પ્રાપ્ત થયો છે. આ ૧૩ જેટલા પ્રતિષ્ઠિત એવોર્ડ પણ મળ્યા છે.

---

## BOB – ગઢશીશા – કિસાન મેળો

કચ્છ જિલ્લાની લીડ બેન્ક, બેંકઓફબરોડા, ભુજ ક્ષેત્ર દ્વારા ગઢશીશા મધ્યે કિસાન પખવાડા અંતર્ગત એક ભવ્ય કિસાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બેન્કના અધિકારીઓએ બેન્ક તેમજ કેન્દ્ર સરકારની ખેડૂતોને સહાયક બધી યોજનાઓ વિષે માહિતી આપી હતી.

------------------------------------------------------------------------------------------

## ટુવ્હીલર – રી-ઓકશન

પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ભુજ - કચ્છની અખબારી યાદી મુજબ ટુ-વ્હીલર, થ્રી – વ્હીલર, એલએમવી કાર અને ટ્રાન્સપોર્ટ વાહનો, થ્રી વ્હીલર પેસેન્જર વાહનો, સ્પેશિયલ વ્હીકલ/કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ વાહનોમાં અગાઉની બાકી રહેલા ગોલ્ડન, સિલ્વર નંબરોનું રી-ઓક્શન શરૂ કરવામાં આવનારું છે. ઓનલાઇન અરજી ૧૩ નવેમ્બર ૨૦૨૫, સમય સાંજે ૦૪ કલાકે શરૂ થશે. ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૫ નવેમ્બર ૨૦૨૫, સમય સાંજે ૦૪ કલાક સુધી રહેશે. તેવું ઈન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી ભુજની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યંસ છે.

------------------------------------------------------------------------------------------